Capital World Pg 5, 30th June 2022

# બિટકોઈન સહિતની ક્રિપ્ટો કરન્સીનો સુધારો એકજ દિવસમાં ધોવાયો

**» ભારતીય ક્રિપ્ટો વાયરનો આઈસી ૧૫ ઈન્ડેક્સમાં ૪.૨૨ ઘટાડો જોવાયો**

**કેપિટલ સંવાદદાતા તા.૨૩**

મેક્રોઈકોનોમિક સમસ્યાઓને પગલે ડિજિટલ એસેટ્સમાં ઘટાડાની સ્થિતિ વધુ ઘેરી બની જતાં બિટકોઇન ૨૦,૦૦૦ ડોલરની નીચે પહોંચી ગયો છે.

ક્રીપ્ટોકરન્સી માર્કેટમાં અનેક રોકાણકારો અને યુઝર્સની વિરુદ્ધ કાનૂની ખટલાઓ શરૂ કરાયા હોવાથી બજારના માનસ પર પ્રતિકૂળ અસર થઈ છે. આ સંબંધે ધારાશાસ્ત્રીઓનું કહેવું છે કે પ્રવર્તમાન કાયદાઓને ક્રીપ્ટોકરન્સી માર્કેટના યુઝર્સ અને રોકાણકારો માટે લાગુ કરવાનું ચલણ



વધ્યું છે અને આગામી દિવસોમાં એ વૃત્તિ વધતી જવાની ધારણા છે.

વિશ્લેષકોના ડેટા દર્શાવે છે કે ક્રીપ્ટોકરન્સી એક્સચેન્જોમાં પાછલા ચોવીસ કલાકમાં મોટાભાગે તેજીનાં ઓળિયાં ધરાવતા ૬૭,૭૭૦ સોદાઓ સુલટાવી દેવાયાં હતાં. તેનું કુલ મૂલ્ય ૧૭૭ મિલ્યન ડોલર હતું. સુલટાવાયેલાં ઓળિયાંમાં લગભગ ત્રીજા ભાગનાં ઓળિયાં ઈથેરિયમને લગતાં હતાં.

અગાઉ, ક્રીપ્ટોવાયરે લોન્ચ કરેલો વિશ્વનો સર્વપ્રથમ ક્રીપ્ટો ઈન્ડેક્સ - આઈસી૧૫ બુધવારે સાંજે આઠ વાગ્યે પૂરા થયેલા ચોવીસ કલાકમાં ૪.૨૨ ટકા (૧૧૫૩ પોઈન્ટ) ઘટીને ૨૬૮૪૭ પોઈન્ટ બંધ રહ્યો હતો.